# પેટ્રોલ-ડિઝલની કિંમતમાં લીટર દીઠ રૂ. ૨.૫૦નો ઘટાડો

નવી દિલ્હી,તા. ૩૦

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને વધુ રાહત આવતીકાલે મળે તેવી શક્યતા છે. આંતરરાષ્ટ્રીય બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયા બાદ આવતીકાલથી પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૨.૫૦ રૂપિયા સુધીનો ઘટાડો અમલી બનાવવામાં આવે તેવી શક્યતા છે. ગુજરાતમાં આ ઘટાડો વેટને જોતા વધુ રહેશે. બે સપ્તાહથી પણ ઓછા સમયગાળામાં ડિઝલની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ ગયો છે. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી પહેલા લોકોને મોટી રાહત મળવા જઈ રહી છે. ઓગસ્ટ મહિના બાદ પેટ્રોલની કિંમતમાં સતત છઠ્ઠી વખત ઘટાડો કરવામાં આવી રહ્યો છે જ્યારે સબસિડી ખતમ કરવામાં આવ્યા બાદ ડિઝલની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો કરવામાં આવશે. કેબિનેટે ૧૮મી ઓક્ટોબરના દિવસે સાહસી નિર્ણય કરીને સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડિઝલની માર્કેટ કિંમત વસુલ કરવાની મંજુરી આપી હતી. સાથે સાથે તેમાં પ્રતિલીટર ૩.૩૭ સુધીનો ઘટાડો કર્યો હતો. પેટ્રોલની કિંમતને ગયા વર્ષે યુપીએ સરકારે જૂન મહિનામાં અંકુશમુક્ત બનાવી હતી. આ વખતે ઘટાડો કરવામાં આવ્યા બાદ પેટ્રોલની કિંમત ૧૬ મહિનામાં સૌથી ઓછી સપાટીએ પહોંચી છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડની કિંમતમાં ઘટાડો થયો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત બે સપ્તાહ પહેલા ૮૨.૬૦ ડોલર હતી જે ચાર મહિનાની સૌથી નીચી સપાટી હતી. આ વર્ષે જૂનમાં તેની કિંમત ૧૧૫ ડોલર હતી. બુધવારના દિવસે બ્રેન્ટની કિંમત ૮૭ ડોલર પ્રતિ બેરલ હતી. સૂત્રોનું કહેવું છે કે, પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડા ઉપર આચારસંહિતા લાગૂ પડશે નહીં કારણ કે, બંનેને અંકુશમુક્ત કરવામાં આવી ચુક્યા છે અને આની કિંમતો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડની દ્રષ્ટિએ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ નક્કી કરી રહી છે. આવી સ્થિતિમાં તેના ઉપર આચારસંહિતા લાગૂ પડશે નહીં. કંપનીઓ પ્રતિલીટર એક રૂપિયાનું માર્જિન રાખી શકે છે. એનડીએ સરકાર ઈચ્છે છે કે, ૨૫મી નવેમ્બરથી શરૂ થઈ રહેલી ચૂંટણી પ્રક્રિયા પહેલા પેટ્રોલિયમ પેદાશોની કિંમતો ન વધે તે જરૂરી છે. ૧૮મી ઓક્ટોબરના દિવસે ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો ત્યારે પણ કંપનીઓને ૫૬ પૈસા પ્રતિલીટર માર્જિન અપાયું હતું.



## આઈઆઈટી અને આઈઆઈએમમાં અલગ વેજ કેન્ટીન પર સક્રિય વિચારણા

મુંબઇ,તા. ૩૦

કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા દેશની અગ્રણી આઇઆઇટી અને આઇઆઇએમમાં અલગ વેજ કેન્ટીન બનાવવાની દિશામાં વિચારણા હાથ ધરી છે. આના ભાગરૂપે હવે મંત્રાલય દ્વારા દેશની ટોચની આઇઆઇટી અને આઇઆઇએમને પત્ર લખીને આ સંબંધમાં તેમના અભિપ્રાયની માંગ કરવામાં આવી છે. આ સંસ્થાઓમાં અલગ વેજ કેન્ટીનને લઇને છેલ્લા કેટલાક સમયથી કેટલીક સંસ્થાઓ દ્વારા રજૂઆત કરવામાં આવી ચુકી છે. અલગ વેજ કેન્ટીનની માંગ કરી રહેલા એક ગ્રુપે લખેલા પત્ર પણ આઇઆઇટી અને આઇઆઇએમને મોકલી દેવામાં આવ્યા છે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે તમામ પત્રમાં વેજિટેરિયન વિદ્યાર્થીઓ માટે ભોજનની અલગ જગ્યાની વ્યવસ્થા કરવાની પણ માગ કરવામાં આવી છે. તેમની દલીલ છે કે ભોજનની એક જ જગ્યા હોવાના લીધે વેજિટેરિયન વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલી અનુભવ કરે છે. આવી સ્થિતીમાં આવા વિદ્યાર્થીઓ માટે અલગ જગ્યાની વ્યવસ્થા કરવા માટેની માંગ કરવામાં આવી છે. આઇઆઇટી મુંબઇની વાત કરવામાં આવે તો અહીં નોન વેજિટેરિયન ભોજન અને વેજિટેરિયન ભોજન અલગ અલગ બને છે. જો કે મેસ એક જ છે. જેથી નોન વેજિટેરિયન અને વેજિટેરિયન ભોજન એક સાથે જ આપવામાં આવે છે. જો કે મોટા ભાગના વિદ્યાર્થીઓ કહે ચે કે વેજ અથવા તો નોનવેજને લઇને તેમને કોઇ તકલીફ થતી નથી. જેથી આ પ્રકારની માંગ બિલકુલ વાજબી દેખાતી નથી.

વિદ્યાર્થીઓએ કહ્યું છે કે બિલકુલ અલગ વ્યવસ્થાની માંગ બિલકુલ યોગ્ય નતી. રૂઢીવાદી વિદ્યાર્થીઓને પણ કોઇ તકલીફ થઇ રહી નથી. હાલમાં મંત્રાલય દ્વારા અભિપ્રાય માંગવામાં આવ્યા છે. કોઇ નિર્ણય આ સંબંધમાં થાય છે કે કેમ તે અંગે ટુંકમાં જ ચિત્ર સ્પષ્ટ થશે

# મહારાષ્ટ્રમાં ભવ્ય કાર્યક્રમો વચ્ચે ફડનવીસની આજે તાજપોશી થશે

મુંબઈ,તા. ૩૦

મહારાષ્ટ્રમાં ભાજપના પ્રથમ મુખ્યપ્રધાન તરીકે દેવેન્દ્ર ફડનવીસની આવતીકાલે તાજપોશીની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આ તાજપોશીના અતિ ભવ્ય કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમની કેબિનેટના સાથીઓ અને વિવિધ રાજ્યોના મુખ્યપ્રધાનો હાજરી આપનાર છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ભવ્ય શપથવિધી કાર્યક્રમ આવતીકાલે યોજનાર છે. આશરે ૪૦૦૦૦ લોકો પહોંચે તેવી શક્યતા છે. જાણીતા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પ્રથમ વખત શપથવિધી યોજનાર છે. વર્ષ ૧૯૯૫માં જ્યારે ભાજપ શિવ સેનાની મદદથી સત્તામાં આવ્યું ત્યારે શિવાજી પાર્કમાં શપથવિધીનુ આયોજન કરવામાં આવ્યું હતું. જુદા જુદા સંગીત કાર્યક્રમનુ આયોજન પણ કરવામાં આવ્યું છે. મુંબઈ ભાજપના જનરલ સેક્રેટરી અતુલ



શાહે કહ્યું છે કે સ્ટેડિયમની ક્ષમતા ૪૫ હજારમની છે. રાજ્ય પ્રોટોકોલ વિભાગે ૨૫૦૦ આમંત્રણ આપ્યા છે. કાર્યક્રમ બે કલાક સુધી ચાલશે. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી કોણ રહેશે તે અંગે ચાલી રહેલી અટકળોનો હાલમાં અંત આવી ગયો હતો. કારણકે, મહારાષ્ટ્ર ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ધારણા પ્રમાણે જ દેવેન્દ્ર ફડનવીસ ચુંટાઈ આવ્યા હતા. આની સાથે જ રાજ્યના મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થયો હતો. ખાતાની ફાળવણીના પ્રથમ રાઉન્ડમાં ડઝન જેટલા કેબિનેટ પ્રધાનોને શપથ લેવડાવવામાં આવશે. ઘણા બધા ખાતાઓને મર્જ કરવામાં આવનાર છે. પ્રાથમિક માહિતી મુજબ કૃષ્ણાવેલી ડેવલોપમેન્ટ કોર્પોરેશનને રિસોર્સ વિભાગ સાથે મર્જ કરવામાં આવશે. આવી જ રીતે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગપરિવહન નિગમને પબ્લિક વર્ક્સડિપાર્ટમેન્ટ સાથે મર્જ કરી દેવામાં આવશે. કેબિનેટમાં ખાતાઓની ફાળવણીને લઈને પણ હવે ચર્ચા શરૂ થઈ ગઈ છે. પ્રથમ વખત તબીબી શિક્ષણ, જાહેર આરોગ્ય, ફૂડ અને ડ્રગ એડમિનીસ્ટ્રેશન અને અન્યો માટે એક જ કેબિનેટ પ્રધાન રહેશે. ફડનવિસની પસંદગી કરવામાં આવતા તેમના સમર્થકોમાં ઉજવણી થઈ હતી. નરેન્દ્ર મોદી અને અમિત શાહના નજીકના સાથી તરીકે પણ તેમને ગણવામાં આવે છે. ફડનવીસ પહેલાથી જ મોદી અને શાહના ફેવરીટ રહ્યા છે.

## આઈએસમાં સામેલ થવા ઈચ્છુક શખ્સ પુછપરછ બાદ મુક્ત

નવીદિલ્હી,તા. ૨૯

લાંબા સમયથી પોલીસ રડારમાં રહેલા અને આતંકવાદી સંગઠન આઈએસમાં સામેલ થવાની યોજના ધરાવનાર ગુગલ ઈન્ડિયાના પૂર્વ કર્મચારીની પુછપરછ કરવામાં આવ્યા બાદ આખરે તેને છોડી દેવામાં આવ્યો છે. હૈદરાબાદના પોલીસ કમિશનર એમ મહિન્દર રેડ્ડીએ કહ્યું છે કે, તેની પુછપરછ કરી લેવામાં આવ્યા બાદ હવે તેને છોડી દેવામાં આવ્યો છે. તે આઈએસમાં સામેલ થવા પ્રયાસ કરી ચુક્યો છે. તેની સામે જુદી જુદી કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે પરંતુ હાલમાં તેને છોડી મુકાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સર્ચ એન્જિન ગુગલના એક પૂર્વ કર્મચારીની ઈરાકના ખૂંખાર ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાના પ્રયાસ બદલ ધરપકડ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. પોલીસે કહ્યું છે કે, આતંકવાદી સંગઠનમાં સામેલ થવાની ઈચ્છા ધરાવનાર શખ્સની ધરપકડ કરાયા બાદ તેની પુછપરછ ચાલી રહી હતી. પોલીસે કહ્યું છે કે, અધિકારીઓ મહિનાઓથી મુરસીદાબાદ નિવાસી ૩૦ વર્ષીય સિક્યુરિટી નિષ્ણાત મુનવ્વદ સલમાનની વાતચીત ઉપર નજર રાખી રહ્યા હતા જ્યારે પોલીસને ખાતરી થઈ ગઈ છે કે, સલમાનનો ઈરાદો સાઉદી અરબ જઈને ઈરાકમાં ઘુસણખોરી કરવા અને ત્યારબાદ ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાનો છે ત્યારે તેને અટકાયતમાં લઈ લેવામાં આવ્યો હતો. તાજેતરના સમયનો આ એવો પ્રથમ દાખલો છે જેમાં કોઈ સોફ્ટવેર એન્જિનિયર ઈસ્લામિક સ્ટેટ જેવા ખતરનાક આતંકવાદી સંગઠનમાં સામેલ થવાની ઈચ્છા ધરાવતો હતો. હૈદરાબાદ પોલીસ તેને છોડી ચુકી છે પરંતુ હજુ તેની ગતિવિધિ ઉપર ગુપ્ત રીતે નજર રાખવામાં આવશે. રેવેન્યુ ડિવિઝનલ ઓફિસર સમક્ષ તેને રજૂ કરવામાં આવ્યા બાદ તેની પૂછપરછ કરાઈ હતી.

આઈએસમાં સામેલ થવા તેની યોજના અંગે માહિતી મેળવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અન્ય કેટલાક યુવાનો પણ આઈએસમાં સામેલ થવાના પ્રયાસ કરી ચુક્યા છે પરંતુ તેમની યોજના નિષ્ફળ નિવડી છે.

**કલ્યાણ નજીક બનાવ બાદ ભારે ઉત્તેજના ફેલાઇ**

# અમરાવતી એક્સપ્રેસના બે બોગી ખડી પડતા ભાગદોડ

કલ્યાણ,તા. ૩૦

કલ્યાણ રેલવે સ્ટેશન નજીક આજે સવારે અમરાવતી એક્સપ્રેસના બે ડબ્બા ખડી પડ્યા બાદ તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. એન્જિન સહિત બે બોગી ખડી પડતા રેલવે અધિકારીઓ દ્વારા તપાસનો પણ આદેશ આપવામાં આવ્યો હતો. બીજી બાજુ આ બનાવ બાદ કલ્યાણ અને કસારા વચ્ચે સેન્ટ્રલ રેલવેની સેવા ખોરવાઈ ગઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૨૧૧૨ અમરાવતી-મુબઈ એક્સપ્રેસના એક જનરલ સેકન્ડ ક્લાસ કમ ગાર્ડ વાન અને એન્જિન પાટા પરથી ખડી પડ્યા હતા. કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ચારમાં પ્રવેશ કરતી વેળા આ બનાવ બન્યો હતો. જેના લીધે કલ્યાણ અને કસારા વચ્ચે અપ લાઈન બ્લોક થઈ ગઈ હતી. સેન્ટ્રલ રેલવેના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે આ બનાવમાં કોઈનુ મોત થયું નથી.



સદનસીબે મોટી ઘટના ટળી ગઈ છે. રેલવે વ્યવહારને ફરી શરૂ કરવા માટેના તમામ પ્રયાસ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા હતા. યાત્રીઓની સુવિધા માટે સતત જાહેરાત કરવામાં આવી હત. બનાવ બાદ ટેકનિકલ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ બનાવ બાદ કેટલીક લોકલ ટ્રેનો રદ કરી દેવામાં આવી હતી. યાત્રીઓ અને નોકરી કરતા લોકો માટે સેન્ટ્રલ રેલવે દ્વારા કસારા અને તિતવાલા વચ્ચે ખાસ ટ્રેન દોડાવવામાં આવી હતી. યાત્રીઓ તેમના સમય પર ઓફિસ પહોંચી શકે તે માટે કલ્યાણથી પાંચ ખાસ બસ પણ દોડાવવામાં આવી હતી. બનાવને લઈને યાત્રીઓ અને સામાન્ય લોકોને ભારે તકલીફ પડી હતી. કેટલીક ટ્રેનો રદ કરવામાં આવતા અન્ય પ્રવાસી પણ અટવાઈ પડ્યા હતા. કલ્યાણ-કસારા વચ્ચે રૂટ પર નિયમિત સમાર કામ ન થવાથી આ બનાવ બન્યો હોવાના આરોપો કરવામાં આવી રહ્યા છે.

**પટેલની જ્યંતિ, ઇન્દિરાની પુણ્યતિથિ**

## રન ફોર યુનિટી : આજે વિવિધ કાર્યક્રમ યોજાશે

નવી દિલ્હી,તા. ૩૦

સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ અને ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની પુણ્યતિથિના પ્રસંગે આવતીકાલે દિલ્હીમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના અન્ય ભાગોમાં પણ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેના પરિણામ સ્વરુપે કેટલીક જગ્યાઓએ ટ્રાફિક નિયમોમાં ફેરફાર કરાયા છે. દિલ્હીમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ દોર રાજપથ ઉપર આયોજિત કરવામાં આવશે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીલીઝંડી બતાવીને દોડની શરૂઆત કરાવશે. દેશના અન્ય ભાગોમાં પણ રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. દિલ્હીમાં ૧૦ હજારથી વધુ લોકો ભાગ લે તેવી શક્યતા છે. ઘણા વીઆઈપી પણ રાજપથ ઉપર ઉપસ્થિત રહેશે. જનપથ અને રફી માર્ગને બંધ રાખવામાં આવશે. આ રનમાં સામેલ થવા માટે સ્કૂલી બાળકો માટે ખાસ બસની વ્યવસ્થા કરવામાં આવી છે. કોઇપણ અંધાધૂંધી ન થાય તે માટે પણ આયોજન કરાયું છે. બીજી બાજુ સરદાર પટેલની જ્યંતિ પ્રસંગે જુદા જુદા કાર્યક્રમો તેમના જીવનને લઇને તૈયાર કરવામાં આવ્યા છે.

## નેશનલ હાઈવે ઉપર હવે ૨૪ કલાક એમ્બ્યુલન્સ સર્વિસ જરૂરી

નવી દિલ્હી,તા.૩૦

દેશમાં રાષ્ટ્રીય રાજમાર્ગો ઉપર ૨૪ કલાકની એમ્બ્યુલન્સ સર્વિસ રાખવાની રજૂઆત કરવામાં આવ્યા બાદ હવે ફાયદો થઈ રહ્યો છે. ૨૪ કલાક સુધી પેટ્રોલીંગ વાહનો પણ ઉપલબ્ધ રહે તેની ખાતરી કરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ વાહનોની કોઈપણ અડચણમુક્ત અવર જવર ઉપર નજર રાખવા એક મહિનાની અંદર ગ્લોબલ પોઝિસનિંગ સિસ્ટમ (જીપીએસ) સાથે તમામ વાહનોમાં વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ (વીટીએસ) સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો હતો. આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવી હતી. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન આ સંબંધમાં જરૂરી આદેશો જારી કરી ચુક્યા છે. ૨૪ કલાકની એમ્બ્યુલન્સ સર્વિસ રાષ્ટ્રીય રાજમાર્ગો ઉપર ફરજિયાત બનાવવામાં આવી રહી છે. ડેવલોપર્સ એન્ડ ગવર્મેન્ટ એજન્સી જે રાષ્ટ્રીય રાજમાર્ગોને જાળવી રાખવા અને મેનેજ કરવાનું કામ કરે છે તે હવે એવી ખાતરી કરશે કે ૨૪ કલાક એમ્બ્યુલન્સ અને પેટ્રોલીંગ વાહનો ઉપલબ્ધ રહે. આ સંબંધમાં એક પરિપત્ર જારી કરી દેવામાં આવ્યો છે જેમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેને ખાનગી ડેવલોપર્સ સાથે આ મુદ્દે વાતચીત કરવા તમામ ચીફ જનરલ મેનેજરોને આદેશ કર્યો છે. એમ્બ્યુલન્સ સેવા ફરજિયાતપણે રાખવી પડશે. એમ પણ કહ્યું છે કે હોસ્પિટલમાં અકસ્માતનો શિકાર થયેલા લોકોને ખસેડવા માટે વાહનો હોતા નથી તેવી ફરિયાદ વારંવાર ઉઠતી રહી છે. આ ઉપરાંત બ્રેકીંગ ડાઉન થવાની સ્થિતિ, જામની સ્થિતિના બનાવો પણ બને છે. નિયમ મુજબ દરેક ડેવલોપર્સને દરેક ૫૦ કિલોમીટરના પટ્ટા માટે પેટ્રોલીંગ વાહન અને એક એમ્બ્યુલન્સ ગોઠવવાની જરૂર હોય છે. હાલમાં ૨૪૪ લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ અને ૨૪૫ પેટ્રોલીંગ વાહનો ૧૦૩૬૦ કિલોમીટર લાંબા હાઈવે પટ્ટા ઉપર ગોંઠવવામાં આવી છે જે ખૂબ જ અપૂરતી છે. વધુમાં માત્ર ૮૦૦૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગ પટ્ટા સુવિધા ગોઠવવામાં આવેલી છે. રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર સ્થિતિ હળવી બનાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

## સપા સંસદીય બોર્ડની આજે પાટનગર દિલ્હીમાં મિટિંગ

નવી દિલ્હી,તા. ૩૦

સમાજવાદી પાર્ટીની સંસદીય બોર્ડની બેઠક આવતીકાલે યોજનાર છે જેમાં અમરસિંહને રાજ્યસભામાં મોકલવાના સંદર્ભમાં વિધિવત જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મુલાયમ અને અમરસિંહ ફરી મજબૂત મિત્ર બન્યા છે. સંસદીય બોર્ડની મિટિંગમાં મુખ્યમંત્રી અખિલેશ યાદવ પણ ઉપસ્થિત રહેશે.

ચાર વર્ષના લાંબા ગાળા બાદ સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ અને અમરસિંહ વચ્ચે મિત્રતા ફરી રંગ લાવે તેવી શક્યતા દેખાઇ રહી છે. તેમની વચ્ચેની મિત્રતા ફરી સજીવન બની રહી છે. તાજેતરમાં તેમની વચ્ચે કેટલીક બેઠકો થઇ ચુકી છે. અમરસિંહ રાજ્યસભા માટે ફરી ચૂંટાઇ આવવાની બાબત મિત્રતા તરફ સંકેત આપે છે. હાલમાં જ મુલાયમ અને અમરસિંહ ગુપ્ત રીતે મળ્યા હતા. ત્યારબાદથી ફરી સમાજવાદી પાર્ટીના સમર્થકો તેમની રાજ્યસભામાં એન્ટ્રીને લઇને ચર્ચા કરી રહ્યા છે. બેઠકમાં મુખ્યપ્રધાન અખિલેશ યાદવ પણ હાજર રહ્યા હતા. એમ માનવામાં આવે છે કે આ બેઠકમાં અમરસિંહને ફરી રાજ્યસભામાં મોકલી દેવાના પ્રશ્ને મુલાયમે તેમની લીલીઝંડી આપી હતી. બન્ને વચ્ચે છેલ્લા ૧૦ દિવસના ગાળામાં જ એ ત્રીજી બેઠક હતી. ૩૧મી ઓક્ટોબરના દિવસે સમાજવાદી પાર્ટીની સંસદીય બોર્ડની બેઠક યોજનાર છે. જેમાં તેમના નામની વિધિવત જાહેરાત કરવામાં આવી શકે છે. અમરસિંહ પહેલા પણ એસપી રહી ચુક્યા છે. પરંતુ ત્યારબાદ તેમના મુલાયમસિંહ યાદવ સાથે સંબંધ ખરાબ થઇ ગયા હતા. જેથી અમરસિંહે સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. મોડેથી જાનેશ્વર પાર્કની શરૂઆતના પ્રસંગે તેમની મિત્રતા ફરી મજબુત બની હતી. અખિલેશ લખનૌ પરત ફર્યા છે. પરંતુ શુક્રવારના દિવસે આયોજિત બેઠકમાં ભાગ લેવા માટે અખિલેશ ફરી દિલ્હી પહોંચનાર છે.સમાજવાદી પાર્ટી આ ઘટનાક્રમને ખુબ ઉપયોગી ગણ`છે.

## નવા ઈમામની તાજપોશી કરાશે : મોદીને આમંત્રણ નહી અપાતા ફરીથી વિવાદ

નવી દિલ્હી,તા. ૩૦

જામા મસ્જિદના શાહી ઈમામ સૈયદ અહેમદ બુખારીએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના મહેમાનોમાં સામેલ નહીં કરવાનો નિર્ણય કર્યો છે. દેશના મુસ્લિમ સમુદાયના લોકો હજુ પણ મોદી સાથે જોડાઈ શકાયા નથી. નવા ઈમામની તાજપોશીના કાર્યક્રમમાં ભાજપના ચાર નેતાઓ ગૃહમંત્રી રાજનાથસિંહ, આરોગ્યપ્રધાન હર્ષવર્ધન, ભાજપના પ્રવક્તા શાહનવાઝ હુસૈન અને રાજયસભાના સાંસદ વિજય ગોએલને આમંત્રણ આપવામાં આવ્યું છે. બીજી બાજુ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્રણ અપાયું છે. જો કે, નવાઝ શરીફ આમા ઉપસ્થિત રહે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ૨૨મી નવેમ્બરના દિવસે દસ્તારબંદીની વિધિ થશે. ૨૫મી નવેમ્બરના દિવસે ખાસ મહેમાનો અને દિલ્હીના લોકો માટે ડિનરનું આયોજન કરાયું છે. શાહી ઈમામ સૈયદ અહેમદ બુખારીના નાના પુત્ર સૈયદ શાબાન બુખારીની તાજપોશી થનાર છે.

# ફડનવીસની શપથવિધિનો શિવ સેના બહિષ્કાર કરશે

મુંબઈ,તા. ૩૦

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ દેવેન્દ્ર ફડનવિસની શપથવિધિનો બહિષ્કાર કરવા પક્ષના સભ્યોને સૂચના આપી છે. શપથવિધિ કાર્યક્રમમાં ભાગ ન લેવા સૂચના આપવામાં આવ્યા બાદ એક બાબત નક્કી થઈ ગઈ છે કે, ભાજપની સાથે શિવસેના રહેશે નહીં. બુધવારના ઘટનાક્રમ અંગે પ્રતિક્રિયા આપતા ભાજપના જનરલ સેક્રેટરી રાજીવ પ્રતાપ રુડીએ કહ્યું છે કે, શિવસેનાના કોઈ પ્રધાન આવતીકાલે શપથ લેશે નહીં. શિવસેના સાથે વાતચીત ચાલી રહી છે. અગાઉ પણ વાતચીત થઈ ચુકી છે પરંતુ કોઈ પરિણામ મળી રહ્યા નથી. રુડીએ કહ્યું હતું કે, ભાજપે મહારાષ્ટ્રના વ્યાપક વિકાસના હિતમાં બહારથી ટેકો આપવાની એનસીપીની ઓફરને સ્વીકારી લીધી છે. મુંબઈમાં શિવસેના ભવન ખાતે યોજાયેલી બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ પક્ષના નવા ચૂંટાયેલા ધારાસભ્યોને સૂચના આપી હતી. તેમણે કહ્યું હતું કે, કોઈપણ રાજકીય જૂથ, રચના અથવા તો વ્યક્તિગત મહારાષ્ટ્રના વિકાસના હિતમાં સરકારને ટેકો આપશે તેનો કોઈપણ વિરોધ વગર સ્વીકાર કરવામાં આવશે. એનસીપીના ટેકા અંગે કોઈપણ લેખિત માહિતી સરકારની રચના કરતી વેળા રાજ્યપાલને આપવામાં આવી છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા રુડીએ કહ્યું હતું કે, આવી કોઈ ખાતરી આપવામાં આવી નથી. સૌથી મોટી પાર્ટી તરીકે સરકાર રચવા માટે માત્ર દાવો કરવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં સરકારની રચના માટેની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ચુકી છે. રુડીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, શિવસેનાના કોઈ નેતાને સરકારમાં સામેલ કરાશે નહીં. જો કે, શિવસેના સાથે ફરી જોડાણ માટેના વિકલ્પને ખુલ્લો રાખવામાં આવશે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં શિવસેના શપથવિધિમાં ઉપસ્થિત રહેશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી વેળા બેઠકોની વહેંચણી મુદ્દે ભાજપ અને શિવસેના અલગ પડી ગયા હતા. ચૂંટણી પ્રચાર વેળા શિવસેનાએ ભાજપના સૌથી શક્તિશાળી નેતા મોદી સામે પ્રહારો કર્યા હતા. જો કે, મોદીએ શિવસેના સામે કોઈ પ્રહારો કર્યા ન હતા. મહારાષ્ટ્રમાં ભાજપ ૧૨૨ બેઠકો જીતી હતી. બહુમતિ માટે ૧૪૫નો આંકડો જરૂરી છે. એક ધારાસભ્યનું સોમવારે અવસાન થયું હતું જેથી ભાજપની સંખ્યા હવે ૧૨૧ થઈ છે.



ભારતના દિગ્ગજ ખેલાડી પંકજ અડવાણીએ ઈંગ્લેન્ડના રોબર્ટને ફાઈનલ મુકાબલામાં ૧૯૨૮-૮૯૩ના સ્કોરથી હરાવીને આઈબીએસએફ વિશ્વ બિલિયર્ડસ ચેમ્પિયનશીપ (ટાઈમ ફોર્મેટ)નો ખિતાબ પોતાના નામે કર્યો છે. ૨૭ વર્ષીય બેંગલુરુના અડવાણીએ ગયા અઠવાડીયે પોઈન્ટ ફોર્મેટના આધાર ઉપર જીત નોંધાવી હતી. હવે પંકજ અડવાણી બંને ફોર્મેટમાં ત્રણ વખત ખિતાબ જીતનાર પહેલો ખેલાડી બની ગયો છે. આ ખિતાબની સાથે પંકજે ૧૦ પુરસ્કાર જીતી લીધા છે. પંકજે બે વર્ષના લાંબા સમય પછી બિલિયર્ડ ગેમમાં કમબેક કર્યું છે.

## માયારામની ફરી વખત ટ્રાન્સફર કરી દેવાઈ છે

નવી દિલ્હી,તા. ૩૦

અરવિંદ માયારામની ફરીએકવાર બદલી કરવામાં આવી છે. અરવિંદ માયારામને ટ્યુરિઝમ સેક્રેટરી તરીકે અગાઉ ફાઈનાન્સ સેક્રેટરીમાંથી ખસેડવામાં આવ્યાના એક પખવાડિયામાં હવે તેમની ફરી બદલી કરવામાં આવી છે. આ વખતે તેમને લઘુમતિ બાબતોમાં સેક્રેટરીનો હોદ્દો આપી દેવામાં આવ્યો છે. કેબિનેટની એપોઈન્ટમેન્ટ્સ કમિટિએ ૧૬મી ઓક્ટોબરના આદેશને રદ કરીને નવી નિમણૂંક કરી છે. રાજસ્થાન કેડરના ૧૯૭૮ની બેચના આઈએએસ અધિકારી માયારામને હવે પ્રવાસ મંત્રાલયમાં સેક્રેટરી તરીકે ખસેડવામાં આવ્યા છે. તેમને લઘુમતિ બાબતોના મંત્રાલયમાં સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. બીજી બાજુ લલિત કે પવાર જે રાજસ્થાન કેડરના ૧૯૭૯ બેચના આઈએએસ અધિકારી છે તેઓ આ હોદ્દો છોડનાર છે. પવાર હોદ્દો છોડશે ત્યારે તેને લઈને પણ ભારે ચર્ચા જાગી છે. દરમિયાન મોટાપાયે ફેરફારનો દોર કેન્દ્ર સરકારનો જારી રહ્યો છે. અન્યોની પણ બદલી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માયારામને હાલમાં જ ફાઈનાન્સ સેક્રેટરીમાંથી ખસેડવામાં આવ્યા હતા.